


## ડીસાના રાજપુર તીનબત્તી વિસ્તાર નજીક ભૂગર્ભ ગટર ઉભરાતા રોગચાળાની ભીતિ

ડીસાથી રાજપુર તીનબત્તી વિસ્તાર નજીક આવેલ વીર બાપજી અને મેલડી માતાના મંદિર નજીક કેટલાય ટાઈમથી ભુગર્ભ ગટર ઉભરાઈ જતા ગંદુ પાણી મુખ્ય માર્ગ ઉપર રેલાઈ જતા આસપાસના વિસ્તારોમાં ભારે ગંદકી અને રોગચાળાની દહેશત ઉભી થવા પામી છે લાંબા સમયથી આ વિસ્તારમાં ગટરના ગંદા પાણી રેલાતા હોવા છતાં આ બાબતે પાલિકા દ્વારા સ્થાનિક લોકો ની આ સમસ્યા દૂર કરવામાં રસ દાખવ્યો નથી જોકે આ જ વિસ્તાર માં રહેતા અને માતાજીના ભક્ત એવા પ્રકાશભાઈ રામાંજી ગેલોત જણાવ્યું હતું કે નગરપાલિકા દ્વારા આ વિસ્તાર માં ભુગર્ભ ગટર માટેના નિકાલની ટાંકીઓ અને સોર્ષ પમ્પ લગાવવામાં આવ્યા છે. જોકે આ ટાંકીઓ નજીક આવેલ મુખ્ય ભૂગર્ભ ગટર અવાર નવાર ઓવરફલો થઈ જતા મુખ્ય માર્ગ ઉપર ગંદુ પાણી રેલાતા ભયંકર ગંદકી ફેલાય છે અને આસપાસમાં અનેક લોકો રહેતા હોય રોગચાળાનો પણ ભય સતત સેવાઈ રહ્યો આ ઉપરાંત આ વિસ્તારમાં પ્રાચીન એવા વીર મહારાજ અને મેલડી માતાનું મંદિર પણ આવેલ છે જ્યાં દર વર્ષે આશો માસમાં માતાજીનો પાટોત્સવ યોજાય છે અને આગામી ૨૦ અને ૨૧ ઓક્ટોબરના રોજ માતાજીનો પાટોત્સવ હોઈ અહીં યજ્ઞ અને ભોજન પ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું છે દૂર દૂરથી અનેક શ્રધ્ધાળુ દર્શન કરવા આવે છે પરંતુ આવના મુખ્ય માર્ગ ઉપર ગંદકી ફેલાઈ હોવાથી દરસણાર્થે આવનાર શ્રદ્ધાળુઓ ભારે મુશ્કેલી પડતી હોય છે અહીંના સ્થાનિકો દ્વારા અવાર નવાર ગંદા પાણીના નિકાલ માટે પાલિકા લેવલે મોખિક તેમજ લેખિત રજુઆત કરી હોવા છતાં આજદિન સુધી આ સમસ્યાનો નિકાલ આવ્યો નથી તો આગામી દિવસોમાં સત્વરે આ સમસ્યાનો નિકાલ આવે તે જરૂરી છે.

# હિંમતનગર માર્કેટયાર્ડમાં મગફળીની ચિક્કાર આવક

હિંમતનગર, તા. ૧૩

સાબરકાંઠા જિલ્લામાં આ વર્ષે પાછોતરા વરસાદે ખેડૂતોના પાકને ભલે નુકશાન પહોંચાડ્યુ હોય તેમ છતા દશેરા બાદ જે ખેડૂતોએ મગફળીનુ વાવેતર કર્યુ હતુ. ખેડૂતોએ મગફળી પાકી જતા તેને જમીનમાંથી બહાર કાઢીને તૈયાર કરી દિવાળી અગાઉ બજારમાં વેચવા માટે ધસારો શરૂ કરી દીધો છે. ત્યારે શનિવારે હિંમતનગર માર્કેટયાર્ડમાં એક જ દિવસમાં ૮૦૦ બોરીની આવક થવા પામી હતી. ઉપરાંત ગુણવત્તાવાળી મગફળીના ભાવ પણ ખેડૂતોને પ્રતિ ૨૦ કિલોએ રૂ. ૧૫૭૬ મળ્યા હતા.

આ અંગેની વિગત એવી છે કે હિંમતનગર, પ્રાંતિજ, તલોદ અને ઈડર તાલુકામાં રહેતા ખેડૂતો દર વર્ષે ચોમાસુ મગફળીનુ આગોતરૂ વાવેતર કરી દે છે અને મગફળી નવરાત્રીની આસપાસ પાકીને તૈયાર થઈ જતા ખેડૂતો તેને વેચવા માટે માર્કેટયાર્ડમાં વાહનો લઈને સવારથી આવી જાય છે.

એક અંદાજ મુજબ હિંમતનગર તાલુકામાં સૌથી વધુ ૭ હજાર હેક્ટર કરતા વધુ જમીનમાં ખેડૂતોએ ચોમાસુ મગફળી વાવી હતી. જો કે તે પૈકી મોટાભાગે મગફળીનો પાક ખેડૂતોએ છેલ્લે થયેલા વરસાદ બાદ તે જમીનમાં ફરીથી ઉગી ન જાય તે આશયથી તરત જ તેને બહાર કાઢીને થોડા દિવસ તપાડીને થ્રેસર તૈયાર કરીને બજારમાં વેચવાનુ મન મનાવી લીધુ હતુ.

તો બીજી તરફ દર વર્ષે જિલ્લામાં આવેલા માર્કેટયાર્ડમાં મગફળીની આવક દિવાળીના બે દિવસ અગાઉ શરૂ થાય છે પરંતુ આ વર્ષે વેપારીઓના અનુમાન કરતા વહેલી મગફળી બજારમાં આવી ગઈ છે જેના લીધે હિંમતનગર તલોદ સહિતના અન્ય માર્કેટયાર્ડોમાં ખેડૂતોએ મગફળી વેચવા વાહનો લઈને ધસારો કરી માર્કેટયાર્ડ પરિસર વાહનો તથા ખેડૂતોના કોલાહલથી ગુંજી રહ્યા છે.

માર્કેટયાર્ડના સૂત્રોના જણાવાયા મુજબ શનિવારે હિંમતનગર તાલુકાના ગામડાઓમાં રહેતા ખેડૂતોએ પોતાના ટ્રેક્ટરની ટ્રોલીમાં છુટી મગફળી ભરીને માર્કેટયાર્ડમાં ધસારો કરતા લાંબી લાઈનો લાગી ગઈ હતી. તો બીજી તરફ હરાજીમાં ખેડૂતોને પ્રતિ ૨૦ કિલોના ભાવ રૂ. ૮૦૦થી ૧૫૭૬ ઉપજયા હતા. ખરીદી તથા તોલવાની કામગીરી મોડે સુધી ચાલતી હોવાને કારણે વેપારીઓ તથા મજૂરવર્ગને ઘડીકની પણ નવરાશ રહેતી નથી.



## લોકપાલના સભ્ય ડો. આઈ.પી. ગૌતમે અંબાજી ખાતે માતાજીના દર્શન કર્યા

ભારત સરકારશ્રીના લોકપાલના સભ્ય ડૉ. આઈ.પી. ગૌતમે પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે ભક્તિભાવપૂર્વક જગદજનની મા અંબાના દર્શન અને પૂજા-અર્ચના કરી હતી. ભારત સરકારના લોકપાલના સભ્ય ડૉ. ગૌતમે બનાસકાંઠા કલેક્ટર કમ અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન સંદીપ સાગલે સાથે અંબાજી યાત્રિકોની સુવિધાઓ અને વિકાસકામો અંગે ચર્ચા કરી હતી. લોકપાલના સભ્ય ડૉ. આઈ.પી. ગૌતમનું કલેક્ટર કમ અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ ચેરમેન સંદીપ સાગલેએ સ્વાગત કર્યુ હતુ. આ પ્રસંગે દેવસ્થાન ટ્રસ્ટના વહીવટદાર એસ.જે. ચાવડા તથા એસ્ટેટ ઓફીસર અરૂણભાઈ ગઢવી વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## પ્રાંતિજ ખાતે કચ્છ કડવા પાટીદાર સમાજ પ્રાંતિજ દ્વારા શરદ પૂનમની ધામધૂમથી ઉજવણી

પ્રાંતિજ, તા. ૧૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે રહેતા કચ્છ કડવા પાટીદાર સમાજ પ્રાંતિજ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સમાજના યુવાનો-યુવતીઓ દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો




શરદ પૂનમની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શરદ પૂનમના એક દિવસ અગાઉ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતા.

પ્રાંતિજના રેલ્વે સ્ટેશન વિસ્તારમાં રહેતાં કચ્છ કડવા પાટીદાર સમાજ પ્રાંતિજ દ્વારા શરદ પૂનમને લઈને શરદ પૂનમના એક દિવસ અગાઉ કચ્છ કડવા પાટીદાર સમાજની સોસાયટી ખાતે રહેતા સમાજના લોકો દ્વારા રાત્રીના સમયે માં ભાગ લીધો હતો, જેમાં ગરબા ગીત, એકપાત્રીય અભિનંદન સહિતના કાર્યક્રમોમાં ભાગ લઈને આવેલ મહેમાનો તથા સમાજના આગેવાનો સમાજના લોકોના દિલ સહિત માતા-પિતાના દિલ જીતી લીધા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન સમાજ કચ્છ કડવા પાટીદાર સમાજ યુવક મંડળ દ્વારા કરવામાં આવ્યું હતું.

# સકલાણા પંચાયતના વોર્ડની પેટા ચૂંટણીમાં ૯૧.૪૯ ટકા મતદાન

**વડગામના સકલાણા પંચાયતના વોર્ડના સભ્યોની પેટા ચૂંટણી યોજાઇ : વડગામ મામલતદાર કચેરીના ચૂંટણી ફરજના કર્મીઓ દ્વારા ખડેપગે રહીને ચૂંટણી પૂર્ણ કરાઇ**

વડગામ,

વડગામ તાલુકાના સકલાણા ગ્રામપંચાયત ના વોર્ડ નં ૫ ની પેટા ચૂંટણી યોજાઈ હતી.

સકલાણા ગ્રામપંચાયત ના વોર્ડ નં ૫ ના સભ્ય માટેની પેટાચૂંટણી માટે નું જાહેરનામું પ્રસિદ્ધ થયું હતું જેની પેટાચૂંટણી રવિવારે યોજાઇ હતી.સકલાણા વોર્ડની સામાન્ય સ્ત્રી બેઠકની પેટા ચૂંટણી યોજાઇ હતી જેમાં ગીતાબેન નટવરજી હડીયોલ તેમજ સજ્જન બેન દલપતસિહ.ચૌહાણ વચ્ચે રસાકસી ભર્યુ મતદાન યોજાયું હતું સવારથી લોકો મતદાન મથકે લાઈન ઉભા રહીને વોર્ડની પેટા ચૂંટણી માં ૯૧.૪૯ ટકા જંગી મતદાન કર્યુ હતું.સકલાણા માં પંચાયત ના વોર્ડ ની પેટાચૂંટણી ને લઈ ને સવારથીજ ગામમાં ઉત્તેજના સાથે લોકોમાં ભારે ગરમાવો જોવા મળ્યો હતો.ચુટણી અધિકારીશ્રી સતીષભાઈ પંડ્યા દ્વારા સકલાણા ગ્રામપંચાયત ના વોર્ડ ની પેટાચૂંટણી કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે ખડેપગે રહીને ચુસ્ત બંદોબસ્ત સાથે મતદાન પ્રક્રિયા શાન્તિ પુર્ણ રીતે પુર્ણ કરાવી હતી.

તાલુકામા એક પંચાયત ની પેટા ચૂંટણીમાં પણ રવિવારના દિવસે ચુંટણી ફરજ માં જોતરાયેલા કર્મચારીઓ દ્વારા ખડેપગે રહીને શાંતિ પૂર્ણ માહોલમાં મતદાન પુર્ણ કરાવીને સુખરૂપે ચુંટણી પુર્ણ કરી હતી ?મતગણતરી તા ૧૫/૧૦/૨૦૧૯ ના યોજાનાર હોવાનું વડગામ નાયબ મામલતદાર અને ચુંટણી અધિકારી સતીષભાઈ પંડ્યા એ જણાવ્યું હતું.

# હિંમતનગરમાં ત્રિ-દિવસીય રાજ્યકક્ષાની અંડર-૧૭ ફૂટબોલ સ્પર્ધાનો પ્રારંભ

હિંમતનગર, તા. ૧૩

હિંમતનગરના ભોલેશ્વર વિસ્તારમાં આવેલ સ્વામી વિવેકાનંદ (સાબર) સ્ટેડીયમમાં શનિવારથી ત્રિદિવસીય રાજ્યકક્ષાની અંડર-૧૭ ફૂટબોલ સ્પર્ધાનો પ્રારંભ થયો હતો. જેમાં બહેનો માટેની અંડર-૧૭ ફૂટબોલ સ્પર્ધા યોજાઈ હતી. દરમિયાન પ્રથમ દિવસે પાટણ અને હિંમતનગરની ટીમ વચ્ચે ફાઈનલ રમાઈ હતી જે પાટણની ટીમ વિજેતા બની હતી.

આ અંગેની વિગત એવી છે કે સાબરકાંઠાના મુખ્ય મથક એવા હિંમતનગર ખાતે રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા અને જિલ્લા રમત ગમત કચેરીના સહયોગથી સાબર સ્ટેડીયમ ખાતે શનિવારે ખેલ મહાકુંભ ૨૦૧૯ અંતર્ગત રાજ્યકક્ષાની બહેનો માટેની અંડર-૧૭ ફૂટબોલ સ્પર્ધાનો પ્રારંભ થયો હતો. આ સ્પર્ધાઓ તા. ૧૦ થી ૧૨ ઓક્ટોબર દરમિયાન યોજાઈ હતી.

પ્રથમ દિવસે યોજાયેલી ફાઈનલ સ્પર્ધામાં હિંમતનગરની એસ.એ.જી. તથા પાટણની ટીમ વચ્ચે સ્પર્ધા યોજાઈ હતી. જેમાં પાટણની ટીમના અંતર ઠાકોરે બે ગોલ કરીને ટીમને વિજયી બનાવી હતી. આ સ્પર્ધામાં પ્રથમ પાટણ અને બીજા નંબરે હિંમતનગરની ટીમ આવતા તેમનુ ટ્રોફી આપી સન્માનિત કરાયા હતા. સ્પર્ધામાં ખેલાડીઓનું મનોબળ વધારવા ડાયરેક્ટર જનરલ અને અગ્ર સચિવ સી.વી. સોમેએ ફૂટબોલ સ્પર્ધાને વધુ લોકપ્રિય બનાવવા માટે પ્રેરણા આપી હતી. આ સ્પર્ધા મહિલા ફૂટબોલ ઈન્ડિયાની ખેલાડી કુ. અંજુ તમંગેએ વિજેતા ટીમને શુભેચ્છા પાઠવતા જણાવ્યુ હતુ કે મજબુત મનોબળ અને સંગઠીત થઈને પ્રતિસ્પર્ધિનો સામનો કરવામાં આવે તો તેનુ પરીણામ ચોક્કસથી સારૂ મળી શકે છે.

# પ્રાંતિજ ગુજરની પોળના યુવાનો-વડીલો દ્વારા પોળમાં સફાઈ હાથ ધરાઈ

પ્રાંતિજ, તા. ૧૩

સાબરકાંઠા જિલ્લાના



પ્રાંતિજ ખાતે આવેલ ગુજરની પોળના યુવાનેએ સ્વચ્છતા અભિયાન અંતરગત પોતાની પોળમાં ખૂણેખૂણાઓમાથી સફાઈ કરી આનંદ વ્યક્ત કર્યો હતો.

તમારી ટીવી સ્કીન ઉપર સફાઈ કરતા આ યુવાનો વડીલો કોઈ એનજીઓ કે કોઈ સંસ્થા કે પાલિકાના માણસો નથી પણ આતો પ્રાંતિજ બજાર વિસ્તારમાં આવેલ ગુજરની પોળના યુવાનો વડીલો પોતાની પોળની સફાઈ હાથ ધરી છે અને પોળના યુવાનો દ્વારા સ્વચ્છતાના ભાગરૂપે આજે સવારે પોળમાંથી ખૂણે ખુણે-ખુણામાંથી કચરો, માટી સહિતનો કાટમાળ સાફ કરી પોળને સ્વચ્છત બનાવી હતી અને આમા યુવાનોની સાથે પોળમાં રહેતાં વડીલો પણ સહભાગી બન્યા હતા. પ્રાંતિજ નગરપાલિકા દ્વારા સફાઈ માટે બ્રશ સહિતના સફાઈના સાધનો પણ પુરા પાડવામા આવ્યા હતા. યુવાનોએ રવિવારની રજાનો પોતાની પોળની સફાઈ કરી આનંદ વ્યક્ત કર્યો હતો. પ્રાંતિજ સહિત તાલુકાના યુવાનોને પ્રેરણા રૂપ કે શીખ રૂપ છે તેમ કહીએ તો નવાઈ નહી.

## હરસોલ ખાતે તાજશાહ બાવાનો ઉર્સ યોજાયો

મોટાચેખલા, તા. ૧૩

તલોદ તાલુકાના હરસોલ ખાતે તાજનગરમાં હજરત તાજશાહ બાવાના ભવ્ય ઉર્સ મુબારકનુ આયોજન કરવામાં આવ્યું છે.

ગોસિયા યંગ કમિટીના પ્રમુખ લીયાકતમિંયા પરમાર અને આગેવાનો ભારે જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવી રહ્યા છે. મશહુર કવ્વાલ અનીસ નવાબ દ્વારા કવ્વાલીના ભવ્ય કાર્યક્રમનું આયોજન પણ આ ઉર્સ નિમિત્તે થઈ રહ્યુ છે. આ ઉર્સમાં આસપાસ ગ્રામ્ય વિસ્તારોના રહેવાસીઓ મોટી સંખ્યામાં ઉમટી રહ્યા છે. હિન્દુ-મુસ્લિમ સૌ સાથે મળી ઉર્સના કાર્યક્રમમાં ભાગ લઈ રહ્યા છે.

# યંત્ર યુગમાં પણ કોડિયાની માંગ અકબંધ

**રોજના ૧૦૦૦ થી પણ વધારે પરણ્યા બનાવી પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે**

પ્રાંતિજ, તા. ૧૩

પ્રકાશનું પર્વ એટલે દિવાળી અને દિવાળીમાં પ્રકાશ ના હોય તો દિવાળી કહેવાતી નથી, ત્યારે દિવાળીમાં વપરાતા પરણ્યા આજે પણ યંત્ર યુગમાં પણ અકબંધ સ્થાન ધરાવે છે. તેવો રોજના એક હજાર એટલે કે ૨૫૦૦૦થી પણ વધારે પરણ્યા બનાવે છે, ત્યારે આ પરણ્યા બજારમા ૫ રૂપિયામાં બે બજારમાં વેચાણ થાય છે. ત્યારે તેવો માટીના ગલ્લા, રમકડા, માટલા વગેરે બનાવે છે અને માટીને વિવિધ આકાર ઓપ આપી પોતાના



પ્રાંતિજમાં છેલ્લા કેટલાય વર્ષોથી દિવાળીના પર્વને લઈને પરણ્યા બનાવતાં પ્રજાપતિ ગોરધનભાઈ આજે પણ ૭૦ વર્ષે પણ પરણ્યા બનાવે છે અને યંત્ર યુગમાં પણ આ પરણ્યાની એટલી જ માંગ છે. ગોરધનકાકા દિવાળીના પચીસ દિવસ પહેલા પરણ્યા બનાવવાનું ચાલું કરે છે અને દિવાળી પહેલા પહેલા પરિવારનું ગુજરાન ચલાવે છે. દિવાળી પર્વને લઈને હાલ તો પરણ્યા બનાવવાનું કામ જોરસોરથી ચાલી રહ્યું છે અને પ્રજાપતિ ગોરધનકાકા દ્વારા દિવસના ૧૦૦૦ થી પણ વધારે પરણ્યા બનાવવામાં આવે છે. હાલ તો યંત્ર યુગમાં પણ પરણ્યાની માંગ પણ યથાવત છે.

# અમદાવાદ-ઉદેપુર ને.હા.નં-૮ પર શામળાજી નજીક ટ્રકમાં આગ લાગતા ૫ કી.મી. ટ્રાફિક જામ

શામળાજી, તા. ૧૩

અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં વાહનોમાં આગ લાગવાની ઘટનાઓ સમય અંતરે બનતી રહે છે. શામળાજી નજીક નેશનલ હાઈવે.નં-૮ પર ટ્રકમાં અગમ્ય કારણોસર આગ લાગતા ભારે અફડાતફડી મચી હતી. ટ્રકમાંથી ધુમાડાના ગોટેગોટા નીકળતા ટ્રક ચાલક અને ક્લીનર ટ્રક રોડ પર મૂકી સમય સુચકતા વાપરી કૂદી જતા બંનેનો આબાદ બચાવ થયો હતો. મોડાસા ફાયર બ્રિગેડ ટીમ ઘટનાસ્થળે પહોંચી આગ પર કાબુ મેળવ્યો હતો.

અમદાવાદ-ઉદેપુર ને.હા.નં-૮ પર શામળાજી નજીક અણસોલ ગામની સીમમાં રાજસ્થાન તરફથી આવતા ટ્રકમાં અગમ્ય કારણોસર આગ લાગતા ટ્રક ચાલક ટ્રક રોડ પર જ થોભાવી દીધી હતી. ટ્રકમાં લાગેલી આગે



ભીષણ સ્વરૂપ ધારણ કરતા સતત વાહનોથી ધમધમતો ને.હા.નં-૮ થંભી ગયો હતો. ટ્રકમાં આગ લાગતા ૫ કિલોમીટર લાંબી વાહનોની કતાર લાગતા ટ્રાફિક જામ ના દ્રશ્યો સર્જાયા હતા. મોડાસા ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવતા ઘટનાસ્થળે પહોંચી આગ પર કાબુ મેળવ્યો હતો. શામળાજી પોલીસે ટ્રાફિકજામને પૂર્વરત કરાવ્યો હતો.